


જોયું? સુનિતા વિલિયમ્સ ભારત છોડીને વિદેશમાં ગઈ તો સ્પેશ સ્ટેશનમાં ગઈ. અહીં રહી હોત તો રસોડાથી કે વીજ સ્ટેશનથી (બિલ ભરવા !) આગળ પહોંચી હોત ?

પત્રકારત્વ ક્ષેત્રમાં કારકિર્દી ઘડવા માગતા વિદ્યાર્થીઓ-વ્યાવસાયિઓ માટે

# કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત પત્રકારત્વ વિભાગ દ્વારા પરિસંવાદ

## વિશ્વવિદ્યાલય દ્વારા શરૂ કરવામાં આવેલા પત્રકારત્વના એક વર્ષના અભ્યાસક્રમમાં ૨૨ જુલાઈ સુધી પ્રવેશ મેળવવાની તક

ગાંધીનગર, તા.૧૭

કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગરે પ્રવર્તમાન સમયમાં પ્રત્યાયન અને પત્રકારત્વનું વિશેષ મહત્વ છે અને એટલે જ તેના પ્રશિક્ષણની માંગને ધ્યાને લઈને ગાંધીનગર ખાતે 'પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન' નો એક વર્ષનો સઘન તાલીમ અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો છે. આ કોર્સનું અધ્યાપન પ્રતિભાસંપન્ન અગ્રણી પત્રકારો અને પત્રકારત્વક્ષેત્રના તજજ્ઞો દ્વારા કરાવવામાં આવશે. આ અભ્યાસક્રમનો સમય સોમવારથી શનિવાર સપ્તાહમાં છ દિવસ સાંજના ૬.૩૦ કલાકનો રાખવામાં આવેલ છે.

આ અભ્યાસક્રમ દ્વારા પત્રકારત્વક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દી ઘડતર માટે તથા ભાવિ સંભાવનાઓ અને પડકારો સંદર્ભે એક જાહેર પરિસંવાદનું આયોજન કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા યુનિવર્સિટી ભવન, એલ.ડી.આર.પી. એન્જિનિયરીંગ કોલેજ કેમ્પસ, સેકટર-૧૫ ખાતે ૨૨ જુલાઈ ૨૦૧૨, રવિવારે સવારે ૯.૩૦ કલાકે રાખવામાં આવેલ છે. આ પરિસંવાદમાં પત્રકારત્વક્ષેત્રના અગ્રણી તજજ્ઞશ્રીઓ ખાસ ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપશે. પત્રકારત્વક્ષેત્ર રસ ધરાવતા સૌ કોઈ મિત્રોને પરિસંવાદમાં ઉપસ્થિત રહેવા માટે સસ્નેહ નિમંત્રણ પાઠવવામાં આવે છે.

પત્રકારત્વ ક્ષેત્રના અભ્યાસક્રમમાં જોડાવા માંગતા યુવક-યુવતીઓ માટે ૨૨ જુલાઈ, રવિવાર સુધી પ્રવેશ ફોર્મ મેળવી શકશે. વધુ માહિતી માટે સેકટર-૧૫માં આવેલ પત્રકારત્વ વિભાગમાં સવારે ૧૦.૦૦થી ૨.૦૦ કલાક સુધી અથવા મોબાઈલ નં. ૯૪૨૭૮ ૩૨૭૮૫, ૮૪૦૧૮૬ ૩૨૨૯ સંપર્ક કરી શકે છે.

# જમ્પ રોપ જુનીયર સ્ટેટ ચેમ્પિયનશીપમાં ગાંધીનગર જિલ્લો દ્વિતીય ક્રમે વિજેતા

ગાંધીનગર, તા. ૧૭

જમ્પ રોપ જુનીયર સ્ટેટ ચેમ્પિયનશીપ સ્પર્ધા આણંદ મુકામે યોજાઈ હતી. જેમાં ૧૪ જિલ્લાઓએ ભાગ લીધો હતો. જેનું પરિણામ નીચે મુજબ આવેલ છે.

આ સ્પર્ધાના સમાપન સમારંભમાં સંસ્થાના પ્રમુખ દિવ્યાંશ ગોહેલ, તેમજ મંત્રી ધર્મેશ પરમાર હાજર ખેલાડીઓને પ્રોત્સાહન આપ્યું હતું. પ્રથમ ક્રમે આણંદ જિલ્લો, દ્વિતીય ક્રમે ગાંધીનગર જિલ્લો, તૃતીય ક્રમે અમદાવાદ જિલ્લો વિજય બનેલ છે.

# સમસ્ત બ્રહ્મસમાજની મહિલા પાંખ દ્વારા ધાર્મિક સ્થળોનો પ્રવાસ યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

સમસ્ત બ્રહ્મ સમાજ, ગાંધીનગર સંચાલિત શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા આગામી શ્રાવણ માસમાં શિવ-શક્તિ આરાધના અને દર્શન કરવા માટેનો ધાર્મિક પ્રવાસ યોજાશે. ૨૮મી જુલાઈના રોજ યોજાનાર આ પ્રવાસમાં જોડાવા માંગતી બહેનોએ અંજનાબેન ગોર, જ્ઞાનદેવી ઉપાધ્યાય કે નીશાબેન જોષીનો સંપર્ક કરવો.

શ્રાવણ માસના પવિત્ર દિવસોમાં સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખ દ્વારા ધાર્મિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રવાસ વાસણીયા મહાદેવ, આશુતોષ મહાદેવ, હાટકેશ્વર મહાદેવ, હરગંગેશ્વર મહાદેવ, બાલારામ, અંબાજી, ખેડબ્રહ્મા થઈને પરત ગાંધીનગર પહોંચશે.

જે બહેનોએ પ્રવાસમાં જોડાવાની ઈચ્છા હોય તેઓએ કુ. અંજનાબેન ગોર, પ્લોટ નં. ૧૨૫/૨, સેક્ટર-૬ ગાંધીનગર ફોન નં. ૨૩૨-૪૮૪૩૩ અથવા જ્ઞાનદેવીબેન ઉપાધ્યાય પ્લોટ નં. ૪૯૭/૨, સેક્ટર-૫-એ ગાંધીનગર અથવા નીશાબેન જોષી પ્લોટ નં. ૫૪/૧, ઘ-ટાઈપ, સેક્ટર-૨૯, ગાંધીનગર, મો. નં. ૯૯૧૩૮૪૦૧૭૬નો સંપર્ક કરવો. સમસ્ત બ્રહ્મ સમાજની મહિલા પાંખ, ગાંધીનગર દ્વારા યોજાનાર આ ધાર્મિક પ્રવાસમાં જોડાવા માટે સૌ બહેનોને ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ૧૪ કોલેજોએ ઈન્ટરનલ માર્ક ન મોકલતાં રિઝલ્ટમાં વિલંબ

અમદાવાદ, તા.૧૭

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બીબીએ,બીસીએ, અને કોમર્સ વિદ્યાશાખાની ૧૪ કોલેજોએ હજી સુધી ઈન્ટર્નલ માર્ક યુનિવર્સિટીને નહીં મોકલતા પરિણામ તૈયાર થવામાં વિલંબ થઈ રહ્યો છે. પરિણામ મોડા જાહેર થવાના કારણે વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે એટલું જ નહીં વિદ્યાર્થીઓને વિવિધ ફેકલ્ટીના ફોર્મ વિતરણની તારીખ અંગે કોઈ જ પ્રકારની માહિતી મળતી નથી. ગુજરાત યુનિવર્સિટીમાં હાલ વિદ્યાર્થી લક્ષી કામગીરીના બદલે રાજકારણ વકર્યું છે જેની સીધી અસર શૈક્ષણિક કામગીરી ઉપર પડી છે. પૂર્વ કુલપતિ ડો. પરિમલ ત્રિવેદીએ પોતાની સમય મર્યાદા પૂરી થવાના સમયે ચાલાકીપૂર્વક યુનિવર્સિટીની સિસ્ટમ ખોરવી દઈ વર્તમાન કુલપતિને કાંટાળો તાજ અર્પણ કર્યો હતો. હવે વર્તમાન કુલપતિ ડો. મુકુલ શાહ આ તાજને સહી શકતા નથી અને કોઈને કહી શકતા નથી. પરિણામ મોડા હોવાના મુદ્દે વિવાદો થતાં હોવા છતાં કુલપતિ હાથ પર હાથ રાખી બેસી રહે છે. આજે બીબીએ, બીસીએ, અને કોમર્સ વિદ્યાશાખાની ૧૪ જેટલી કોલેજોએ હજી સુધી એફવાય સેમીસ્ટર એકના ઈન્ટર્નલ માર્ક મોકલ્યા નથી. જેના કારણે પરિણામ તૈયાર થવામાં વિલંબ થઈ રહ્યો છે.

એક બાજુ વિદ્યાર્થીઓ પરિણામ અને માર્કશીટ માટે આંદોલન કરે છે અને કુલપતિ કોઈ પગલાં ભરવાને બદલે શાંતિથી કાર્યવાહી કરી રહ્યા છે. ગુજ.યુનિ.માં હાલ ઈન્ફર્મેશન સિસ્ટમ પણ ઠપ થઈ ગઈ છે. વિદ્યાર્થીઓને વિવિધ વિદ્યાશાખાના ફોર્મ વિતરણની તારીખ અંગે કોઈ જ માહિતી મળતી નથી. આશ્ચર્યની વાત એ છે કે યુનિવર્સિટીના સત્તાધીશોને પણ આ તારીખોની જાણ નથી. યુનિવર્સિટી વેબસાઈટ પણ અપલોડ થતી નથી.

# કલોલમાં તાલુકા કક્ષાની વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૭

જિલ્લા આરોગ્ય તંત્ર, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ બ્લોક હેલ્થ કચેરી કલોલ દ્વારા તાજેતરમાં વિશ્વ વસતિ દિનની ઉજવણીના ભાગરૂપે તાલુકા કક્ષાની વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કલોલ તાલુકાની શાંતિનિકેતન વિદ્યા વિહાર, શેઠ કે.જી.એમ. ગર્લ્સ હાઈસ્કૂલ, ભારત હાઈસ્કૂલ, અંજુમન હાઈસ્કૂલ અને વખારીયા પી.જે. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ તેમાં ઉસાહપૂર્વક ભાગ લીધો હતો.

વિશ્વ વસતિ દિન ઉજવણીના ભાગ રૂપે યોજાયેલી શાળા કક્ષાની વકતૃત્વ સ્પર્ધામાં ૪૩ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તમામ શાળાઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવેલા વિદ્યાર્થીઓની તાલુકા કક્ષાની વકતૃત્વ સ્પર્ધા બ્લોક હેલ્થ કચેરી કલોલ મુકામે યોજાઈ હતી. જેમાં ૧૬ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. સમગ્ર વકતૃત્વ સ્પર્ધાના કાર્યક્રમમાં મ્યુનિસિપલ હોસ્પિટલ, કલોલના અધિક્ષક ડૉ.ગોસ્વામી, જિલ્લા આઈ.ઈ.સી. ઓફિસર ચેતનાબેન પટેલ, બ્લોક હેલ્થ ઓફિસર ડૉ. દિનેશ બારોટ, અર્બન હેલ્થ ઓફિસર ડૉ. હેમંત પટેલ, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, કલોલના માનદમંત્રી દિલીપભાઈ દવે, બી.આઈ.ઈ.સી.ઓ. ડી.જી. પટેલ, બ્લોક સુપરવાઈઝર રાજુભાઈ પટેલ ખાસ હાજર રહ્યા હતા અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતાં.

વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ અને દ્વિતીય ક્રમે અંજુમન હાઈસ્કૂલના વિદ્યાર્થી સાજેદા ચૌહાણ અને મોઈન મલેક વિજેતા બન્યા હતા. જયારે તૃતીય ક્રમે શેઠ કે.જી.એમ ગર્લ્સ હાઈસ્કૂલની સીમરન પઠાણ વિજેતા બની હતી. વિજેતા સ્પર્ધકોને તથા ભાગ લેનાર તમામને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, કલોલના માનદ મંત્રી દિલીપભાઈ દવેના વરદ હસ્તે પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. શાળા કક્ષાએ તેમજ તાલુકા કક્ષાએ ભાગ લેનાર વિદ્યાર્થીઓને બ્લોક હેલ્થ કચેરી, કલોલ દ્વારા પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર તેમજ આશ્વાસન ઈનામ આપવામાં આવ્યા હતા.

# જન્માષ્ટમી નિમિત્તે વૈષ્ણવ બાળકો માટે ચિત્ર સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર વૈષ્ણવ સમાજ અને આંતરરાષ્ટ્રીય પુષ્ટીમાર્ગીય વૈષ્ણવ પરિષદ ગાંધીનગરના સહયોગથી ૧૦મી ઓગષ્ટ-૨૦૧૨ને શુક્રવારે જન્માષ્ટમી નિમિત્તે વૈષ્ણવ બાળકો માટે ચિત્ર સ્પર્ધા યોજાશે.

જન્માષ્ટમી નિમિત્તે વૈષ્ણવ બાળકો માટે યોજાનાર ચિત્ર સ્પર્ધાના ફોર્મ તા. ૫મી ઓગષ્ટ-૨૦૧૨ સુધીમાં ૧૦ રૂ. આપી કાર્યાલયમાંથી મેળવી લેવા પ્રમુખ ડી.એફ. શાહે જણાવ્યું છે. ચિત્ર સ્પર્ધા ૭ થી ૧૧ વર્ષના બાળકો અને ૧૨ થી ૧૮ વર્ષ સુધીના બાળકો માટે અલગ અલગ બે ગ્રૂપમાં યોજાશે. ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ કાર્યાલયમાંથી મેળવેલું ફોર્મ તા. ૭મી ઓગષ્ટ-૨૦૧૨ સુધીમાં ભરીને પરત કરવાનું રહેશે. ચિત્ર સ્પર્ધામાં ભાગ લેનાર દરેક બાળકને સંસ્થા તરફથી પ્રોત્સાહિત કરવામાં આવશે.

# સેક્ટર - ૭-ડીના તેજસ્વી તારલાઓને ૧૨મી ઑગસ્ટે સન્માનિત કરાશે

## કાર્યક્રમ અંતર્ગત વડીલોનું સન્માન પણ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૭

સેકટર-૭-ડી શહેરીજન સંસ્થા ગાંધીનગર તથા સેકટર-૭-ડી કાર્યવાહક સમિતિની સંયુક્ત બેઠક શ્રી જે.જી. ભટ્ટના પ્રમુખ સ્થાને મળેલ હતી.

સેકટર-૭-ડીના સુશ્રી ઉષાબેન પુરોહિત, શિરિનબેન પીલીલને શ્રદ્ધાંજલિ અને મૌન પાળેલ હતું. કોષાધ્યક્ષ ધીરેનભાઈ શાહે ૨૦૧૧-૧૨ના હિસાબો રજૂ કરેલ હતા. જે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા. તા.૧૨મી ઓગસ્ટના રોજ ચૌધરી હાઈસ્કુલના હોલમાં ધોરણ-૧૦ અને ૧૨માં ૭૫ ટકા કે તેથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીનું સન્માન તેમ જ ૭૫ વર્ષના વડીલોનું સન્માન કરવામાં આવશે.

સેકટર-૭-ડીના વસાહતીઓની ડીરેકટરી પ્રસિધ્ધ કરવાનું આયોજન કરેલ છે. તો તે વસાહતીઓ જરૂરી માહિતી પ્રતિનિધિઓને આપવા જણાવેલ છે.

બેઠકમાં કે.એસ. પંડયા, એસ.એલ. શાહ, કે.ઓ.વ્યાસ, એ.એસ.ભટ્ટ, જે.આર. ભટ્ટ, રણજીતભાઈ દેસાઈ, ભૂપતભાઈ ભૂતડીયા, કે.સી. ગૌસ્વામી, ગૌતમભાઈ આચાર્ય વગેરે હાજર રહેલ હતા.

# એમફાર્મના ૨૫૩૦, એમઈના ૮૧૦૦નું મેરીટ જાહેર કરાયું

અમદાવાદ, તા.૧૭

એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ દ્વારા માસ્ટર ઓફ એન્જિનિયરીંગ અને માસ્ટર ઓફ ફાર્મસી માટે તા. ૭ અને ૮ જુલાઈના રોજ લેવાયેલી પરીક્ષાના આધારે આજરોજ મેરીટ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં એમ.ઈ.ની ૩૮૨૩ બેઠકો માટે ૮૧૦૦ વિદ્યાર્થીઓ અને એમફાર્મની ૪૬૦૦ બેઠકો માટે ૨૫૩૦ વિદ્યાર્થીઓનું મેરીટ જાહેર કરવામાં આવ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી સંલગ્ન એમઈની ૫૦ કોલેજોની ૩૮૨૩ બેઠકો અને એમફાર્મની ૬૧ કોલેજોની ૪૬૦૦ બેઠકો માટે એડમિશન કમિટી દ્વારા તા. ૭ અને ૮ જુલાઈના રોજ પ્રવેશ પરીક્ષા લેવાઈ હતી. જેનું પરિણામ આજરોજ જાહેર કરવામાં આવ્યું છે. પરિણામના આધારે આજરોજ મેરીટ પણ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં એમઈમાં ૮૧૦૦ વિદ્યાર્થીઓ અને એમફાર્મમાં ૨૫૩૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે. પ્રવેશ કમિટી દ્વારા એમફાર્મના વિદ્યાર્થીઓનું તા. ૨૦મી જુલાઈએ અને એમઈના વિદ્યાર્થીઓનું તા. ૨૩મી જુલાઈએ કાઉન્સીલીંગ કરવામાં આવશે.

## જીવન ચિંતન

- લક્ષ્મી વાધવાણી

# આપણાં ભાષાભવનોનું શું થશે ?

હમણાં છાપામાં એક સમાચાર વાચવા મળ્યા. ગુજરાત યુનિ.ના ભાષાભવનમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી રહી છે. આ વાત માત્ર ગુજરાત યુનિ.નાં ભાષાભવનને જ લાગુ પડે છે એવું નથી. ગુજરાતની મોટા ભાગની યુનિ.ઓના ભાષાભવનની આવી દયાજનક સ્થિતિ છે. એક બાજુ ભાષાને બચાવવાની વાતો જોરશોરથી થાય છે અને બીજી બાજુ સ્થિતિ આવી દયનીય છે. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ.માં તો ગુજરાતી વિભાગ જ અસ્તિત્વમાં નથી. (ભલે પછી યુનિ.નું નામ કલિકાલ-સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય સાથે કેમ ન જોડાયું હોય !) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ.માં હાલ ગુજરાતી વિભાગ શરૂ થવાની કવાયત ચાલી રહી છે જે એક નવું આશાનું કિરણ જગવે છે.

પણ ચિંતાનો વિષય વિદ્યાર્થીઓની સંખ્યાનો છે. ગુજરાત યુનિ.માં આ વર્ષે ગયા વર્ષ કરતા પચાસ ટકા ઓછી સંખ્યા આવશે એવી આશંકા ભાષાભવનના અધ્યક્ષે વ્યક્ત કરી છે. ગુજરાત યુનિ. અમદાવાદ ખાતે સ્થિતિ છે અને યુનિ.નો વિસ્તાર ઘણા બધા પ્રદેશોને આવરી લે છે. છતાં સંખ્યા ઘટી છે કે ઘટશે એ આશ્ચર્ય સાથે દુઃખની બાબત છે. આમ થવા પાછળના કારણોની તપાસ જરૂરી છે. માત્ર ગુજરાતી વિષય જ નહીં હિન્દી, સંસ્કૃત, ઉર્દૂ અને અંગ્રેજી વિષયોમાં પણ સંખ્યા ઘટી રહી છે. હિન્દી અને સંસ્કૃત જેવા વિષયો તો શાળાઓમાં મરજિયાત કરી દેવાને કારણે એની સિદ્ધિ અસર કોલેજો વિભાગો પર પડી છે. શાળામાંથી જ વિષયનો કોઈ અનુભવ ન હોય તો એ વિદ્યાર્થી કોલેજમાં એ વિષય લઈને શું કામ અભ્યાસ કરે ? વળી, એક કારણ એ પણ છે કે આ વિષયો સાથે અભ્યાસ કર્યા પછી નોકરીની તકોનું શું ? - આ પ્રશ્નો જવાબ આપવા કોઈ તૈયાર નથી.

સામાન્ય રીતે છેલ્લા થોડા વર્ષોની વિગતો પ્રમાણે ગુજરાતમાંથી આઈ.એ.એસ.ની પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓ મોટે ભાગે ભાષાને અને એમાં પણ ગુજરાતી ભાષાને મુખ્ય વિષય તરીકે રાખે છે અને સફળ પણ બને છે. આ બાબત મહત્વની બની રહે છે. જો ભાષા સાથે અભ્યાસ કર્યા પછી આવી ઉચ્ચ પરીક્ષામાં સફળ થઈ શકાતું હોય તો એ વિષયને વધારે સારી રીતે પ્રકાશમાં લાવવો જોઈએ. પણ એ બાબતે જોઈએ એવું ધ્યાન અપાતું નથી. આજે વિદ્યાર્થી વ્યવસાયલક્ષી અભ્યાસક્રમ તરફ વળ્યો છે. ટૂંકા ગાળાના અભ્યાસક્રમો કરીને એણે નોકરીએ લાગી જવું છે. ગુજરાતી કે અન્ય ભાષા સાથે સ્નાતક થયા પછી શું? સ્નાતક થાવ, અનુસ્નાતક થાવ, પીએચ.ડી.ની પદવી મેળવો પછી પણ નોકરી મળશે જ એની કોઈ ખાતરી આપતું નથી. પછી વિદ્યાર્થી શું કામ ભણતર પાછળ આટલો બધો સમય વ્યય કરે ? ટૂંકા ગાળાના અભ્યાસક્રમ પછી એણે નાની મોટી નોકરી મળવાની આશા હોય છે એટલે વિદ્યાર્થી એ બાજુ વળે એ સ્વાભાવિક છે.

આજના યુવાનો પર સિનેમા અને અન્ય માધ્યમોનો પ્રભાવ વધારે જોવા મળે છે. મલ્ટીમીડિયાના સમયમાં વિદ્યાર્થી કોમ્પ્યુટર અને ઈન્ટરનેટથી એણે દૂર રાખવો મુશ્કેલ છે. જો આ બધાના પ્રભાવથી વિદ્યાર્થીને બચાવી ન શકાય તો ભાષા સાથે સંકળાયેલા અભ્યાસક્રમોનું માળખું તાકીદે બદલવું પડે અને એનું અનુસંધાન આ બીજા માધ્યમ સાથે કરવું પડે. કેટલાક વિભાગોમાં હવે એ દિશામાં પ્રયત્નો શરૂ થયા છે. સાહિત્ય અને સિનેમાનો અભ્યાસક્રમ દાખલ થયો છે. ગુજરાતમાં આ વિષય ઉપર હવે એકથી વધુ જગ્યા એ પરિસંવાદનાં આયોજનો થયા છે અને થઈ રહ્યા છે, જે પણ બતાવે છે કે આ બાબતે જાગૃતિ વધતી જાય છે. ભાષા અને પત્રકારત્વ, ભાષા અને નાટ્ય કળા, ભાષા અને રેડિયો લેખન, ભાષા અને સર્જનાત્મક લેખન - આ પ્રકારના વિવિધ આયામો દ્વારા ભાષાને અન્ય માધ્યમો સાથે સાંકળવી પડશે તો જ ભાષા પણ બચશે અને ભાષાભવનો પણ બચશે.

પહેલાં વર્ગ ખંડમાં આવીને અધ્યાપક 'સરસ્વતીચંદ્ર' ભણાવી જતા એ દિવસો હવે ભૂતકાળ થઈ ગયા છે. 'સરસ્વતીચંદ્ર' ભણાવનાર અધ્યાપકે એ નામની ફિલ્મનો અભ્યાસ કરીને બે જુદા માધ્યમોની વાત કરવી પડશે. એ જ રીતે રાવજી પટેલની કવિતા ભણાવનાર અધ્યાપકે એ કવિતાઓ કઈ રીતે ગવાઈ છે ઈ સંભાળવું પડશે અને વિદ્યાર્થીઓને એ સંભળાવવું પડશે. આજે રેડિયો અને ટેલીવિઝનના અને રસ્તાઓ ખૂલી ગયા છે. આ માધ્યમો એવું છે કે જ્યાં વાણીનો મહિમા કરવો પડે એમ છે. ભાષા વાણીનું માધ્યમ છે ત્યારે એ ભાષાનો મહિમા પણ કરવો પડે. ટેલીવિઝન અને રેડિયો ઉપર શુદ્ધ ભાષા બોલનારાઓની ખોટ છે ત્યારે સારી ભાષા લખનાર બોલનારનું મહત્વ વધી જાય છે. ટેલીવિઝનની વિવિધ ધારાવાહિકોમાં કામ કરવા માટે પણ આ આવશ્યક છે. અધ્યાપકની નોકરી સિવાય પણ ભાષા સાથે સંકળાયેલા માટે અન્ય રસ્તા ખુલ્લા છે. હા, એણે ભાષાની સાથે અન્ય આવડત પણ હસ્તગત કરવી પડે. અધ્યાપકની નોકરીની તકો બહુ જૂજ રહી છે અને ઓછા પગારમાં નોકરી કરવી પડે એવા દિવસો છે ત્યારે ભાષા સાથે અભ્યાસ કર્યા પછી અન્ય ક્ષેત્રોનો વિચાર કરવો પડે. ગુજરાતની યુનિ.ના ભાષાભવનો પોતાના વિષય સંદર્ભે હવે આધુનિક ખ્યાલ નહીં અપનાવે તો જતે દિવસે મુશ્કેલીઓ વધવાની છે. હજી સમય છે ભાષાઓને આધુનિક સ્પર્શ આપીએ, ટકાવીએ.!

# પ્રાચીન ગ્રંથો મુજબ સંગીતની ઉત્પત્તિ પૃથ્વીના ઉત્પત્તિકર્તા તથા વેદોના નિર્માતા બ્રહ્માજી દ્વારા થઈ છે

## સંગીત દર્શન

- ડો. ગૌરાંગ ભાવસાર

॥ સંગીત એ સ્વયંભૂ કલા છે ॥

સંગીતની ઉત્પત્તિ દેવી-દેવતાઓ દ્વારા થઈ તેવું માનવામાં આવે છે. આ કલાની ઉત્પત્તિ ક્યારે અને કેમ થઈ તે વિશે વિદ્વાનોના અનેક મતો વિદ્યમાન છે. પ્રાચીન ગ્રંથોમાં સંગીત ઉત્પત્તિ વિશેની કેટલીક દંતકથાઓ પણ જોવા મળે છે, પરંતુ આજના આ વૈજ્ઞાનિક યુગમાં પૌરાણિક દંતકથાઓ આધુનિક વિચારધારાઓ સાથે અસંગત કે પ્રતિકૂળ લાગે એ સ્વાભાવિક છે. છતાં સંગીત ઉત્પત્તિની ચર્ચા થઈ રહી હોય ત્યારે પૌરાણિક કથા-કહાણીઓની ચર્ચા અસ્થાને નહિ જ ગણાય.



પ્રાચીન ગ્રંથો મુજબ સંગીતની ઉત્પત્તિ પૃથ્વીના ઉત્પત્તિકર્તા તથા વેદોના નિર્માતા બ્રહ્માજી દ્વારા થઈ છે. બ્રહ્માજીએ આ કલા ભગવાન શંકરને શીખવી. શિવપ્રદોષ સ્ત્રોતમાં જણાવ્યા મુજબ શિવે સંગીતનો વિકાસ કર્યો. તેઓએ સંગીતના મુખ્ય પાંચ રાગ બનાવ્યા અને છઠ્ઠો રાગ પાર્વતીજીના શ્રીમુખ દ્વારા બનાવ્યો. સાથે નૃત્યનું પ્રચલન કર્યું તથા પાર્વતીજીની શયન મુદ્રાથી ઉદ્ભવેલા અંગહારોના આધારે રુદ્રવીણની રચના કરી. આ પ્રમાણે સંગીતની રાગ-રાગિણીઓના, વીણા તથા નૃત્યના પ્રણેતા નટરાજ શંકરને માનવામાં આવે છે. શિવજીએ આ દિવ્ય કલાનું જ્ઞાન દેવી સરસ્વતીને આપ્યું અને પૃથ્વી લોકમાં સંગીત અને સાહિત્યના પ્રચાર-પ્રસારનું ઉત્તરદાયિત્વ સોંપ્યું. તેથી જ મા ભગવતી સરસ્વતીને 'વીણાપુસ્તકધારિણી' કહીને સંગીત, શિલ્પ, સાહિત્ય, ચિત્ર જેવી લલિત કલાઓની અધિષ્ઠાત્રી દેવી માનવામાં આવે છે. મા સરસ્વતીએ આ જ્ઞાન નારદ મુનિને આપ્યું. નારદજીએ સ્વર્ગના ગાંધર્વો, કિન્નરો તથા અપ્સરાઓને સંગીતનું જ્ઞાન આપ્યું. ત્યારબાદ પૃથ્વી ઉપર સંગીત કલાનો પ્રચાર-પ્રસાર કરવા માટે આ કલામાં નિપુણ થઈને સ્વાતિમુનિ, ભરતમુનિ, નારદજી, હનુમાનજી જેવા ઋષિ-મુનિ પૃથ્વી ઉપર અવતર્યા. તેમણે અનેક શિષ્યોને આ કલા શીખવી ને આ દિવ્ય કલાનો પૃથ્વી પર પ્રસાર કર્યો.

સંગીતની દિવ્યતાનો મહિમા વાદ્યો દ્વારા દેવ-દેવીઓનાં વિવિધ ચિત્રોમાં આપણને જોવા મળે છે. સરસ્વતીના હાથમાં વીણા, ગણપતિજીના હાથમાં મૃદંગ, શિવજી સાથે ડમરુ કે પછી નૃત્ય મુદ્રામાં નટરાજ સ્વરૂપ, વિષ્ણુજીના હાથમાં શંખ, શ્રીકૃષ્ણ મુખે બાંસુરી, નારદજી સાથે વીણા વગેરે વાદ્યો સંગીતના દૈવી તત્ત્વનાં દર્શન કરાવી સંગીતના પરમ તત્ત્વનો ઉપદેશ આપે છે. વર્તમાન આધુનિક-વૈજ્ઞાનિક યુગમાં માનવીના બૌદ્ધિક અને તર્ક-વિતર્કની કસોટીમાં આ દંતકથાઓ કદાચ સત્યથી વેગળી લાગે તથા પાશ્ચાત્ય શિક્ષણથી પ્રભાવિત એવો આપણો આ સમાજ એને પ્રશ્ન ચિન્હની જેમ વિચારે એ સ્વાભાવિક બાબત છે.

વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોઈએ તો સંગીતની ઉત્પત્તિ સૃષ્ટિના પ્રાકૃતિક વાતાવરણથી થઈ એવું માની શકાય. અર્થાત્ કહી શકાય કે માનવીએ સંગીત માટે પ્રકૃતિ પાસેથી પ્રેરણા લીધી છે. વાદળોની ગર્જના, વરસાદની હેલી, સાગરનો ઘૂઘવાટ, લહેરોની તરંગો, ઝરણાંનો કલકલ મધુર અવાજ, પવનની સરસરાહટ, પક્ષીઓના કલવર કે પશુઓની વાણી - આ સર્વેમાં સંગીતના સૂર-લય-તાલને મહેસૂસ કર્યા અને મૂળ ધ્વનિની પ્રેરણા દ્વારા સંગીત ધ્વનિ તથા તાલ-લયનું જ્ઞાન મેળવ્યું. માનવ સંસ્કૃતિની પ્રાથમિક અવસ્થામાં માનવીએ પોતાની પ્રસન્નતા, દુખ, આશા, નિરાશા જેવી વિભિન્ન ઈચ્છાઓ અને લાગણીઓને જ્યારે ઊંચા-નીચા ધ્વનિઓના સહારે વ્યક્ત કરી હશે ત્યારે કાલાંતરે આ ધ્વનિઓ સંગીતના સ્વરૂપે પ્રગટી હશે.

પાશ્ચાત્ય વિદ્વાનોના મત અનુસાર સંગીત એ માનવ જીવનની સહજ પ્રતિક્રિયા છે. જે પ્રમાણે માનવ હસે છે, રડે છે કે હૃદયના ભાવોની પ્રતિક્રિયા વ્યક્ત કરે છે એ જ પ્રમાણે સંગીતની સુરાવલી પણ માનવ હૈયામાંથી સહજ-સ્વાભાવિક રીતે પ્રગટ થઈ હશે. એટલે જ સંગીત સ્વયંભૂ કલા છે. બીજા વિદ્વાનો એવું માને છે કે જ્યારે મનુષ્યને પોતાના કરુણ, વીર, અદ્ભૂત, શાંત, મધુર કે શૃંગારિક ભાવોને અસરકારક રીતે વ્યક્ત કરવાની અદમ્ય ઈચ્છા થઈ હશે ત્યારે વિવિધ ધ્વનિઓનો સહારો લઈને તેને એ ભાવોને સંગીતમય રીતે વ્યક્ત કર્યા હશે. જેમજેમ સંસ્કૃતિ



વિકસિત થતી ગઈ હશે તેમ તેમ સંગીત કલાનો પણ વિકાસ થતો ગયો હશે.

વેદોના અભ્યાસથી સમજાય છે કે વૈદિક કાળ સુધીમાં સંગીત ઉચ્ચ કક્ષાએ પહોંચી ગયું હતું. તે સમયના નર-નારીઓ સ્તોત્રની ગાયકી અને વિભિન્ન વાદ્યોના વાદનમાં નિપુણ હતા. વેદોમાં નૃત્ય અને એના નૃત્યકારોનો તથા વિભિન્ન વાદ્યો અને વાદકોનો ઉલ્લેખ જોવા મળે છે. સામાજિક, ધાર્મિક ઉત્સવો-યજ્ઞો વગેરે અવસરોએ વૈદિક સમયમાં વાદ્યો, નૃત્યોની રજૂઆત ગાયન સાથે થતી હતી - એ એક નોંધનીય બાબત છે.

વિદ્વાનો એમ માને છે કે સંગીતનો જન્મ 'ૐ'ના ગર્ભમાંથી થયો છે. 'ૐ'માં અ-ઉ-મ એમ ત્રણ ધ્વનિઓ સમાયેલા છે. જેમાં ત્રિમૂર્તિ પરમેશ્વર અર્થાત સૃષ્ટિકર્તા બ્રહ્મા, પાલનકર્તા વિષ્ણુ અને સંહારક શિવની શક્તિઓ સમાયેલી છે. 'ૐ' એ બીજ મંત્ર છે અને સંગીતના સમસ્ત આરોહી-અવરોહી સ્વરોની રચના ઓમકાર મંત્ર દ્વારા જ થઈ છે. તેથી જ કેટલાક વિદ્વાનો ઓમકાર ધ્વનિમાંથી ઉત્પન્ન થવાને કારણે સંગીતને દૈવી કલા માને છે.